## વડીલોને વંદન અભિનંદન



ભદ્રશીલાબેન કે. ત્રિવેદી
(૧૯૫૫) મો.૯૪૨૮૯૦૬૬૮૩

## વીરમાયા સ્મારક ભવન માટે દાન મળ્યું

ગાંધીનગર, તા. ૨૮

વીરમાયા સ્મારક સમિતિ દ્વારા પાટણમાં ભવ્યાતિભવ્ય વીરમાયા સ્મારક બનાવવામાં આવી રહ્યું છે. ત્યારે ભવનના નિર્માણમાં સહાયભુત થવા પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવી હતી. ગુજરાત વણકર સમાજના પ્રમુખ ઝવેર ચાવડાના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે દલીત વણકર સમાજની બેઠક તેમજ અરવલ્લી જિલ્લા મોડાસા ખાતે બેઠક મળી હતી. જેમાં રાજકોટમાંથી રૂ. ૧,૦૪,૨૦૦ અને મોડાસામાંથી રૂ. ૭૫,૦૦૦ ફાળો એકત્ર થયો હતો.

## દ્વારાકેશ રેસિડેન્સીમાં ભજનના ભણકારા અને લોક ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આજે આખુ શહેર દુંદાળા દેવની ભક્તિમાં લીન બની જશે. ગણેશ ચતુર્થી નિમિત્તે શહેરમાં ઠેર ઠેર પંડાલો નાંખવામાં આવ્યા છે. વાવોલ 'ક' રોડ પર આવેલ દ્વારકેશ રેસિડેન્સીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે શ્રી દ્વારાકેશ પરિવાર દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે રાત્રે ૯.૩૦ વાગે કાઠીયાવાડી કસુંબલ કંઠના માલીક ઈસરદાન ગઢવી અને મંડળ દ્વારા ભજનના ભણકારા અને લોક ડાયરો રજુ કરવામાં આવશે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા તા. ૨૯મી ઓગસ્ટના રોજ ગણેશોત્સવ યોજાશે. પૌષ્ટીક વાનગી સ્પર્ધા તેમજ ગણેશવંદનામાં ગણેશ અને શીવના ભજનો ગાવાનો કાર્યક્રમ છે. તો જે બહેનોએ ભાગ લેવો હોય તેમને પ્રમુખશ્રી પ્રતિભાબેન દવે પાસે નામ નોંધાવવા જણાવેલ છે.

# શામળાજી પોલીસે ૨૪ લાખના દારૂ અને ટ્રક સાથે બે આરોપીઓને ઝડપી પાડયા

મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લા ના શામળાજી ખો આજે શામળાજી પી.એસ.અ ાઈ એ.કે.વાળા અને તેમની ટીમ ધ્વારા બાતમી ના અધારે જીલ્લા ના શામળાજી ખાતે પી.એસ.આઈ એ.કે વાળા ની નીમણુક કરવામાં આવી છે ત્યાર થી દારૂ ના વેપાર કરતા બુટલેગરો ની ખેર નથી તેમ આજે ફરી એક વાર ધીરજકુમાર નામનો વ્યકતી ની મદદગારી થી વગર પાસ પરમીટે કંપની સીલવાળો વિદેશી દારૂ તથા બીયર ની પેટી નો જથ્થો જેમાં વિદેશી દારૂ ની કુલ પેટી ૩૪૦ કુલ બોટર



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

૫૫૨૦ જેની કીંમત ૧૪ લાખ રૂપીયા થાય છે. તથા ટાટા ગાડી ન મળી કુલ ૨૪ લાખ રૂપીયા નો મુદામાલ કબજે કરી દેવેન્દ્રસિંહ જાટ (રહે.દીલ્લી) અને મહાવીરસ્હ જાટ (રહે. બહાદુરગઢ ની ધરપકડ કરી આગળ ની કાર્યવાહી હાથધરી હતી.

૨૪ લાખ રૂપીયા નો દારૂ અને ટ્રક ઝડપી પાડયા હતા.

અરવલ્લી જીલ્લા ના શામળાજી નજીક રાજસ્થાન ની ચેક પોસ્ટ આવેલી છે આ ચેક પોસ્ટ પર થી મોટા પાયે રાજય માં દારૂ ઘુસાડવામાં આવ્ છે પરંતુ જયારથી શામળાજી પોલીસ ધ્વારા ૧૪ લાખ રૂપીયા નો દારૂ અને ટ્રક ઝડપી પાડયા હતાં.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર આ કામના આરોપીઓ ની કબજા હેઠળ ની ટાટા ૧૧૦૯ મોડેલ ની હરીયાણા પાસીગ ની ગાડી માં

## ડીસામાં ચૂંટણીને અનુલક્ષી જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ મોકુફ રખાયો

પાલનપુર, તા.૨૯

બનાસકાંઠા જિલ્લાની ૧૩-ડીસા વિધાનસભા મતદાર વિભાગની પેટા ચૂંટણી ચાલુ માસમાં યોજાનાર હોઈ જેના કારણે મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજય ગાંધીનગરના તા. ૧૬-૮-૨૦૧૪ના પરિપત્રની વિગતે આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ હોઈ તા. ૨૭-૮-૨૦૧૪ નારોજ યોજાનાર તાલુકા સ્વાગત તેમજ તા. ૨૮-૮-૨૦૧૪ના રોજ યોજાનાર જિલ્લા સ્વાગત કાર્યક્રમ ચાલુ માસ પુરતો મોકુફ રખાયો છે. ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં જે અરજદારોની અરજીનો સમાવેશ કરવામાં આવેલ હતો તેઓને સપ્ટેમ્બર ૨૦૧૪ના માસમાં યોજાનાર સ્વાગત કાર્યક્રમમાં સાંભળવામાં આવશે. જેની સર્વે અરજદારોને નોંધ લેવા જણાવાયું છે.

# બ્રાહ્મણ સાંસદ ભૂદેવ એકતા સંમેલન યોજશે

ગાંધીનગર, તા.૨૮

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદ ભૂદેવ એકતા સંમેલન યોજાશે. દેશના બ્રાહ્મણોને એક કરી સમાજ એક નવી દિશા પ્રાપ્ત કરી ઉડાણ ભરે તે માટે અમદાવાદ ખાતે યોજાશે.

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદના સચિવ અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે કે તા. ૩૦ ઓગષ્ટ શનિવાર સાંજે ૫ થી ૭ વાગે બળવંતરાય ઠાકોર હોલ, કાંકરિયા અમદાવાદ ખાતે ભૂદેવ એકતા સંમેલન યોજવામાં આવશે. સંમેલન શૈલેષ શુકલ અધ્યક્ષ માર્ગ મકાન મહાસંઘના વડપણ હેઠળ યોજાશે.

તેમજ કર્મચારી મંડળના કન્વીનર ગીરીશ રાવલ, રાજેન્દ્ર વ્યાસ, હર્ષદ રાવલ, ચંદુભાઈ જોષી, યોગેશ શુકલ તેમજ બ્રાહ્મણ સંસદના હોદેદારો, બ્રહ્મ સમાજના હોદ્દેદારો, બ્રાહ્મણ સમાજના કર્મચારીઓ, કલાસ વન અધિકારીઓ, આઈ.એ.એસ. આઈ.પી.એસ. અધિકારીઓ ઉપસ્થિત રહેશે.



પ્રાંતિજ માર્કેટ યાર્ડ ખાતે તાલુકા કિસાન સંઘ દ્વારા ખેતી વિષયક જ્ઞાનના શિર્ષક હેઠળ શિક્ષણ વર્ગ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કિસાન સંઘના સભ્યો હાજર રહ્યા હતા અને કિસાનોને ખેતી વિષયક માર્ગદર્શન અને માહિતી આપી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ગબ્બરની દેવીના દર્શન કરવા જય અંબે પગપાળા સંઘ સરગાસણ પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા.૨૮

મા અંબાની આરાધનાનું પર્વ એટલે ભાદરવી પૂનમનો મેળો. આદ્યશકિતની આરાધના કરવા દૂર દૂરથી માઈ ભકતો માતાજીના રથ લઈ પદયાત્રા અંબાજી પહોંચે છે. 'બોલ મારી અંબે જય જય અંબે'ના નાદ સાથે ગાંધીનગરમાંથી મોટી સંખ્યામાં રથના પૈડા અંબાજી બાજુ પ્રસ્થાન કરે છે.

સરગાસણનો જય અંબે પગપાળા યાત્રા સંઘ ૨૧મા વર્ષમાં મા અંબાની આરાધના કરવા તા. ૧ સપ્ટેમ્બરના રોજ પ્રસ્થાન કરશે. અને તા. ૬ સપ્ટેમ્બર બારસની સવારે આદ્યશકિતને ધજા ચઢાવશે. જય અંબે પગપાળા સંઘ દ્વારા સવાર-સાંજ માતાજીની આરતી કરવામાં આવશે.

## સે-૨૩ બ્રહ્મસમાજનો ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સેકટર-૨૩, દ્વારા તા. ૩૧-૮-૨૦૧૪ રવિવારના રોજ સવારના ૮-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક દરમિયાન શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેકટર-૧૬, ગાંધીનગર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં સે-૨૩ બ્રહ્મસમાજના પરિવારને સમયસર પધારવા સે-૨૩ શાખાના પ્રમુખ મુકેશ શુકલ અને મંત્રી મયંક ભટ્ટ દ્વારા વિનંતી કરવામાં આવે છે.

## અખિલ ભારતીય પોસ્ટ એથ્લેટીક્સ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

મુખ્ય જનરલ પોસ્ટ માસ્તર અને ગુજરાત સર્કલ પોસ્ટ ખેલકૂદ બોર્ડ દ્વારા ૨૯મી અખિલ ભારતીય પોસ્ટ એથ્લેટીક્સ અને સાઈકલીંગ પ્રતિયોગિતા તા. ૧ સપ્ટેમ્બર સવારે ૯.૩૦ વાગે ભારતીય ખેલ પ્રાધિકરણ કોમ્પલેક્ષ સેક્ટર-૧૫ ખાતે યોજાશે અને સ્પર્ધાનું સમાપન તા. ૩ સપ્ટેમ્બર બપોરે ૪.૦૦ વાગે થશે. સ્પર્ધાનો શુભારંભણાં મુખ્ય અતિથિ તરીકે ડી.કે. માલવીયા એથ્લેટીક્સ ખેલાડી અને એકલવ્ય એવોર્ડ વિજેતા, રઝીયા શેખ ઈન્ટરનેનલ એથિયન જ્વેલીન થઅરો ખેલાડી ઉપસ્થિત રહેશે.

## સહયોગ મંડળે વૃદ્ધોને દ્વારકાની યાત્રા કરાવી

ગાંધીનગર, તા. ૨૮

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા કૈલાસધામના વૃદ્ધાશ્રમના વૃદ્ધોને દ્વારકા સૌરાષ્ટ્રની યાત્રા કરાવી હતી. મંડળના પ્રમુકશ્રી ભગુભાઈ પટેલે જણાવેલ હતું કે મંડળની તાજેતરમાં મીટીંગ મળેલ હતી. જેમાં ત્રણ માસની કાર્યવાહી પ્રગતિ અહેવાલ રજુ કર્યો હતો. સંસ્થાના ખજાનજી શ્રી આર. કે. સુથારે હિસાબ સરવૈયું રજુ કરેલ હતુ. હવે નવી કઈ પ્રવૃત્તિ કરવી તેની સઘન વિચારણા કરવામાં આવી હતી. સહમંત્રી ડી.એમ. પરમારે જણાવેલ છે.

# અરવલ્લીમાં પ્રધાનમંત્રી જનધન યોજનાનું લોકાર્પણ કરાયું

મોડાસા, તા. ૨૯

પ્રાધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧૫મી ઓગસ્ટે જાહેર કરવામાં આવેલ ખાતા મહા અભિયાનને આવરી લેવામાં આવ્યા હતા.

આ યોજનામાં જિલ્લાના દરેક કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે આ બચત ખાતાના



(તસવીર : જય અમીન, મોડાસા)

કારણે સરકારી યોજનાઓના હક્કના નાણા સીધા તેમના બચત ખાતામાં જમા થશે ઉપરાંત મોડાસા શહેરની વિવિધ બેંકો દ્વારા મફત બચત ખાતા ખોલવા માટે સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

જનધન યોજનાની શરૂઆત ૨૮મી ઓગસ્ટથી અમલમાં મુકવાની હોઈ આજે સમગ્ર દેશમાં લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. જેમાં મોડાસા સહિત તમામ તાલુકાઓના ૮૦ હજારથી વધુ બચત તાલુકામાં અને ગામોને આવરી લેવા આજે મોડાસા શહેરના નગરપાલિકા સેવા સદનમાં રાજયકક્ષાના પછાત અને શ્રમ રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર બી. જે. ભટ્ટ સહિત વિવિધ બેંકોના અધિકારીઓ તેમજ મોડાસા શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાંતિજ પંથકમાં બહેનો દ્વારા પતિદેવના લાંબા આયુષ્ય માટે કેવડાત્રીજ વ્રત કરી ઉપવાસ કરી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પેન્શનર્સ સમાજ સરદાર સરોવર ડેમનો પ્રવાસ કરશે

સેક્ટર-૨ પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા સરદાર સરોવર ડેમ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસ સપ્ટેમ્બર માસમાં યોજાશે. ત્યારે પ્રવાસમાં જોડાવા ઈચ્છુક પેન્શનરોએ ડી.પી. સંઘાણી - ૨૩૨૩૧૫૧૮, નિરંજન ઓઝા - ૨૩૨૨૫૭૬૫, મંગળભાઈ ચૌહાણ - ૯૪૨૮૦૪૯૫૬૦, અમીદર જરદોશ - ૮૫૩૦૮૫૫૩૦૨, જીતેન્દ્રભાઈ પુરોહિત - ૨૩૨-૪૪૯૪૯, લાલભાઈ દેસાઈ - ૯૪૨૮૬ ૦૮૩૬૨ પર સંપર્ક કરવો. પ્રવાસ ખર્ચ રૂ. ૫૦૦ રાખવામાં આવ્યું છે. પ્રવાસમાં જોડાવા માગતા પેન્શનરોએ રૂ. ૧૦૦ એડવાન્સ આપી નામ નોંધાવવું પડશે.

## છાવણીમાં ફેરવાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બખેડો થવાની શક્યતાઓ છે. આ ઉપરાંત વિવિધ સમિતિઓમાં સભ્યોની નિયુક્તીના મુદ્દે પણ રાજકીય ઉત્તેજનાઓ વધુ પ્રસરાવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. આ બેઠકને લઈ રાજકીય ઉત્તેજનાઓ સમગ્ર જિલ્લામાં પ્રવર્તી રહી છે. જો કે બન્ને પક્ષો તંત્રને ભીંસમાં લેવાની વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું મનાઈ રહ્યું છે.

## અચ્છે દિન આયે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉદ્‌ઘાટન શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર અને શ્રી એમ.એ. રવિકુમાર, સી.ઈ.ઓ., આઈએએફ દ્વારા એક સાથે કરવામાં આવી હતી. આ ટેબલેબમાં ૩૦ ટેબ્લેટ, સફેદ બોર્ડ અને અભ્યાસક્રમ સામગ્રી સાથે આપવામાં આવેલ છે. તાજેતરની શિક્ષણશાસ્ત્ર વિષયક પદ્ધતિઓ કેટલાક વિદ્યાર્થીઓને શીખવાની પરિણામો સુધારવા માટે ફ્લિપ કરેલો સંપૂર્ણ સમય સમકક્ષ વર્ગખંડમાં પહેલ આવરી લે છે કે જે રજૂ કરવામાં આવશે. ઈંગ્લિશ ભાષા સુધારવા માટે રેડટોમમાં સોફટવેર વિદ્યાર્થીઓ અને શિક્ષકો ફાયદાઓ માટે ટચહેલ્પર સાથે પૂરી પાડવામાં આવે છે. આ ટેબલેબ આ લેબ સરળ ચલાવવા ખાતરી અને તેમના કામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો મદદ કરશે જે સંપૂર્ણ સમય એઆઈએફ સરળતા દ્વારા સંચાલિત કરવામાં આવશે.

ધ અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (એઆઈએફ) ગુજરાત રાજયમાં કુલ ૮૦ શાળાઓમાં તેના ડીઝીટલ ઈક્વિલાઈઝર કાર્યક્રમ અમલ કરેલ છે. આ પ્રોજેક્ટનો લાભ તેમના પરોપકારી પ્રવૃત્તિ અને પ્રતિબદ્ધતા ભાગ તરીકે આ તમામ ૮૦ શાળાઓ દરેક વિષય શિક્ષકો ૬ થી ૮ વર્ગના બધા વિદ્યાર્થીઓને મળશે. અને આ દેસાઈ-સેટી ફેમિલી ફાઉન્ડેશન ઓફના ઉદારતા દ્વારા શક્ય બનેલ છે આ પ્રોજેક્ટનો લાભ હશે ગુજરાતમાં શિક્ષણ માટે.

આ ઉદ્‌ઘાટનમાં મુખ્ય મહેમાન શ્રી વિક્ટર મેકવાન (આઈએએસ), જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ (ડીડીઓ), ગાંધીનગર, બાળકો સુધારણા માટે ટેકનોલોજી અને ટેબલેબ ઉપયોગ વિશે વાત કરી હતી. તેમણે કમ્પ્યુટર્સ જાણવા અને સ્માર્ટ શાળા બનીને બીજા બધા માણસા શાળાઓ માટે એક ઉદાહરણ સેટ અને ટેબલેટ વાપરવા પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગ પર, એમ.એ. રવિ કુમાર સી.ઈ.ઓ. ધ્યાનના નોંધપાત્ર વિસ્તાર ધરાવે છે. સમાજના પછાત ભાગ સંબંધ જે બાળકો માટે શિક્ષણ માટે વપરાશ પૂરો પાડે છે, અમેરિકન ભારતીય ફાઉન્ડેશન ખાતે જણાવ્યું હતું કે, અમે ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને અમરેલી ૮૦ સરકારી શાળાઓમાં ડિજિટલ બરાબરી અમારા મુખ્ય સહી કાર્યક્રમો લાવવા.

## જ્ઞાન સપ્તાહ ઉજવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાત્રીય અભિનય ચિત્ર સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજવામાં આવશે. જ્યારે પાંચમી સપ્ટેમ્બરના રોજ શિક્ષક સન્માન દિવસ નિવૃત્ત શિક્ષકોને શાળામાં બોલાવવા, ગુરૂવંદના, વાલી શિક્ષક મીટીંગ જેવા કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

આ વર્ષે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણી માટે રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા સમૃદ્ધ સ્વશિક્ષણ સમુલ્લાસ શિક્ષક સન્માન દિવસ એમ પાંચ બાબતોને સાંકળી લઈને જ્ઞાન સપ્તાહ ઉજવણીનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે.

## જન-ધન યોજના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીશ્રીએ -ધાનમંત્રી જન-ધન યોજના દેશના છેવાડાના માનવીને પણ લાભકારી બનતા ૬ હજાર કરોડ રૂપિયા સીધા જ લાભાર્થીના હાથમાં પહોંચશે તેની રૂપરેખા આપી હતી.

શ્રીમતી આનંદીબહેને રાષ્ટ્રીયકૃત બેન્કોમાં દેશના હરેક નાગરિકનું ખાતું હોય અને તેને સરકારી સહાયના મળનારા નાણાં લાભ સીધા જ તે બેન્ક ખાતામાં જમા થાય તેવા આર્થિક સક્ષમતાના -ધાનમંત્રીશ્રીના આ સ્તુત્ય નિર્ણયને ગરીબ કલ્યાણલક્ષી સેવા -તિબધ્ધતાનો નિર્ણય ગણાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, અત્યાર સુધી એવી દશા હતી કે દેશમાં ધન હતું જન પણ હતા પરંતુ બે વચ્ચે જોડાણ નહોતું. ભાજપાની કેન્દ્ર સરકારે સમાજના ગરીબ-વંચિતને પણ ધન સાથે જોડવાનું પારદર્શી કાર્ય બેન્કો દ્વારા કર્યું છે.

આ -સંગે દેના બેન્કના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર શ્રી અશ્વીનીકુમારે જણાવ્યું હતું કે દેશની વસતીનો મોટો વર્ગ બેન્કીગ સુવિધાથી વંચિત છે ત્યારે આ યોજના બેન્કીગ વ્યવસાયને નાનામાં નાના માણસ સુધી પહોંચવાનો ધોરીમાર્ગ પૂરો પાડશે, જેના કારણે દેશના આર્થિક વિકાસમાં જન-જનને જોડવાનો સંકલ્પ સાકાર થશે.

આ -સંગે ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, મુખ્ય સચિવશ્રી ડો. વરેશ સિંહા, અગ્ર સચિવશ્રી એલ. ચુઆંગો, ગ્રામ વિકાસ કમિશનર અને સચિવશ્રી વી. થિરૂપુગલ, સહિત અધિકારીઓ, જુદી જુદી બેંકના વરિષ્ઠ અધિકારીઓ, લાભાર્થીઓ વગેરે ઉપસથિત રહયા હતા. કાર્યક્રમના અંતે આભારદર્શન સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના શ્રી એ. એમ. અપૈયાએ કર્યું હતું.

## ગાંધીનગર ગણેશમય

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત સે. ૨૧માં મહારાષ્ટ્ર ભવન અને જીઈબી કોલોની ખાતે પણ ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનોમાં દરરોજ રાત્રે વિવિધ કાર્યક્રમો જેવા કે ભજન સંધ્યા, સંતવાણી, ડાયરો, સુંદરકાંડ, હાસ્ય દરબાર, રંગકસુંબલ, દેશભક્તિના ગીતો નાટક-ડાન્સ કોમ્પીટીશન, જાદુના કાર્યક્રમ તેમજ રમતોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અને આ તમામ કાર્યક્રમો શ્રદ્ધાળુઓ વિના મૂલ્યે માણી શકશે.

આવતીકાલે ગણેશ ચતુર્થીએ સમગ્ર નગરમાંથી ગણેશજીના સ્થાપન પહેલા ભવ્ય શોભાયાત્રાઓ કાઢવામાં આવશે. આ શોભાયાત્રાઓમાં સે. ૬માં સવારે ૧૦ વાગે ભુવનેશ્વર મહાદેવ ખાતેથી, સે. ૩માં પણ સવારે ઉપરાંત સે. ૨૪, સે. ૨૨ અને સે. ૨૭ ખાતેથી પણ ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યુંછે. આ શોભાયાત્રામાં વાજતે ગાજતે ગણેશજીને લાવી તેમનું સ્થાપન કરાશે અને ત્યારબાદ પૂજા-આરતી કરી બુંદી, સાકાર અને અન્ય પ્રસાદ આપવામાં આવશે. આ વર્ષે ગયા વર્ષના બહુચર્ચિત પથિકાશ્રમ અને તે ઉપરાંત બ્રહ્મસમાજ ખાતે આ ઉત્સવનું આયોજન કરવામાં નથી આવ્યું.

## વેરાની વસુલાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરપાલિકાની રૂ. એક કરોડ માણસા નગરપાલિકાની રૂ. ૨ કરોડ જેટલી બાકી વસુલાત છે.

ડૉ. મોડિયાએ નગરપાલિકાઓને આ અંગે કડક તાકીદ કરી અને વિશેષ વસુલાત અભિયાન યોજવા જણાવ્યું હતું.

આજે મળેલ સંકલન સમિતિની બેઠકમાં ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનની તૈયારીઓ ઝડપથી પૂર્ણ કરવા પણ અધિકારીઓને જણાવવામાં આવ્યું હતું. ગરીબ કલ્યાણમેળાના લાભાર્થીઓની યાદી ૩૦મી સુધીમાં તૈયાર કરી તેની ડેટા એન્ટ્રી પણ પૂર્ણ કરવા તેમણે સૂચવ્યું હતું.

૩૦-૩૧ ઓગષ્ટના રોજ ગ્રામ સફાઈ અભિયાન અને જિલ્લાના જાહેર સ્થાનો પરની સ્વચ્છતા અભિયાનની ઉજવણી અંગે પણ આજની બેઠકમા ચર્ચા કરી જ્ઞાન સપ્તાહની ઉજવણી અંગે વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી.

જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન અને સ્વચ્છતા અભિયાનનું સુયોગ્ય સંકલન થાય તે માટે પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૪૮૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | ■ | ■ | ૯ | |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | | ■ |
| | ■ | ૧૫ | ૧૬ | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | |
| | ■ | ૨૧ | | | | | |

### આડી ચાવી

૧. ધમકી, દાટી મારવી (૪)
૪. કવચિત્, નક્કી ના હોય તેવું (૩)
૬. ડમરૂ, ... વાગે (૪)
૭. હરોળ, પંક્તિ, લાઇન (૩)
૯. કાપડના વીંટા (૩)
૧૦. કુવાવાળુ ખેતર (૨)
૧૧. મોઢેથી કરાતો એક પ્રકારનો અવાજ (૪)
૧૩. પ્રસંગ, માંગલિક અવસર (૨)
૧૪. સંગત, દોસ્તી (૩)
૧૫. પરીક્ષા (૩)
૧૮. આજકાલ... વાળી ફિલ્મો (એકશન ફિલ્મ) વધુ આવે (૪)
૧૯. ફુલ પુષ્પની... રજ (૩)
૨૧. ખેલ-કુદ (૬)

### ઊભી ચાવી

૧. દશ વર્ષનો સમયગાળો(૩)
૨. દાડમનું વૃક્ષ (૪)
૩. ટુલ્લર, વ્યક્તિઓનું જુથ(૨)
૪. ઓછું (૨)
૫. ચુરણ જેવું ચટપટું ખાઇને સ્વાદ દર્શાવવા કરાતો અવાજ(૪)
૮. બકવાટ (૩)
૯. શક્તિ (૩)
૧૧. સીટી, મોંથી કરાતો અવાજ(૩)
૧૨. બધુ, મીઠાને પણ... રસ કહેવાય (૨)
૧૩. રાહગીર, યાત્રિક (૪)
૧૫. 'ધારક' શબ્દ આડોઅવળો(૩)
૧૬. સુગંધ, સુવાસ (૩)
૧૭. સરભરા, મહેમાનોનું થાય(૩)
૧૯. ચરણ, ચાલવાની ક્રિયા કરતું અંગ (૨)
૨૦. ... રાજય પ્રજા સુખી (૨)

### શબ્દાવલી ૫૪૮૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અનુભવ (૩) પૂર (૫) ખળભળાટ (૭) ગાપચી (૯) નવાજવું (૧૨) સુગાળવું (૧૪) આખરી (૧૫) પડખુ (૧૭) વેરવિખેર (૧૮) યજમાન

**ઊભી ચાવી :-** (૧) અલગારી (૨) વખ (૩) પૂળા (૪) રટણ (૬) ભરવુ (૮) ચીનગારી (૧૦) વાળ (૧૧) જવુ (૧૨) સુખ (૧૩) પવિત્ર (૧૬) ખુરશી (૧૭) વન


ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ : ૨૦૧૪-૨૦૧૫
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧૧ | ટેન્ડર સ્પષ્ટીકરણો અને જરૂરિયાતો પ્રમાણે નવા એલસીવી ચેસિસ પર લાયબ્રેરી વાનનું ડિઝાઈન ફેબ્રિકેશન, માઉન્ટ કરવાનું તથા સપ્લાય અને ટેસ્ટીંગ કરવાનું કામ. | ૧૫૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૧૨ | ટેન્ડર સ્પષ્ટીકરણો અને જરૂરિયાતો પ્રમાણે નવા એલસીવી ચેસિસ પર અંતિમ યાત્રા વાવનું ડિઝાઈન, ફેબ્રિકેશન, માઉન્ટ કરવાનું તથા સપ્લાય અને ટેસ્ટીંગ કરવાનું કામ. | ૧૫૦૦/- | ૩૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૯/૯/૨૦૧૪ને સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ્ટુ.હૅષ્ઠિી.ર્ષ્દ્બ પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ અને ટેન્ડર માટે ટેન્ડરફીની રકમ તથા બાનાની રકમ (ઈ.એમ.ડી.)ના ડીમાન્ડ ડ્રાફટ તા. ૧૦/૯/૨૦૧૪ સમય ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે. ઓનલાઈન ઓપનીંગ તા. ૧૦/૯/૨૦૧૪ના રોજ ૧૭-૦૦ કલાકે કરવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** — **સહી/-**
**તા. ૨૮/૮/૨૦૧૪** — **મ્યુનિસિપલ કમિશનર**
માહિતી/૧૦૫૭/૧૪-૧૫ — **ગાંધીનગર મહાનગરપાલિકા**